મધુરી મેના



બે આના.

મધુરી મેના

અથવા

મીઠું બુલબુલ

[illegible]કલ્યાણ. —:▭:—

મને એવો પરણ્યો ભાવે, ખોલ્યું સાંખે લાડ લડાવે,
નોકર થઈને નમતો આવે. લાગે પાય, પાય, પાય,
મનગમતાં વસ્ત્રો લાવે, હીરા મોતીડા મંગાવે.
પ્રેમે પ્રીતિરસ પીવડાવે, ચિત્તડું ચાય, ચાય, ચાય,
મીઠી બંસી હું—એ મણીધર, મધુર નાદપર ડોલે,
નયન ઈશારે થનથન નાચે, ખમા, ખમા, કહી બોલે,
નમતો જાય, જાય, જાય,

ભલે મેઘ એ હોય શ્યામ હું વીજળી થોડી થોડી,
કામણગારો કૃષ્ણ, ગણીને, બનું રાધીકા ગોરી—જોડી,
જુગતી થાય, થાય, થાય.

ધોળે દિવસે રાત કહું તો, "હાજી હા" જે કરતો,
બની દીવાનો રૂપ રંગમાં પાછળ પાછળ ફરતો,
"હું કહેવે" ધણી;તો તેવો જોઈએ, લાગે પાય, પાય,પાય.

[illegible] —:▭:—

હું હું નખરાળી નાર, સામું ન જોશો લગાર—હું છું
[illegible] કેટલાને ઘાયલ કર્યાં છે, મૂર્છા પામ્યા છે હજાર—હું છું.
[illegible] મ્હારી કામણગારી, નેણુ જાણે ખંજરની ધાર—હું છું
[illegible] તો પોક મુકી રોશો, બનશો બેઅક્કલ ગમાર—હું છું

મુદ્રા પ્રતાપ. —:▭:—

બહુ ધીરજના ફળ મીઠાં બેન, ધીરજના ફળ મીઠાં છે;
કહે ઋતુ વિણુ ફળ ક્યાં દીઠાં, બેન ઋતુ વિણુ ક્યાં દીઠાં છે.
તરૂવરે તહાં તરૂવરની છાંયા, કંથ તહાં કામનીની કયા;
જન બહુ મથન કરીને થાકે, ઉતાવળે આંબા નવ પાકે.
મન કરીએ ન અજીઠાં.........બેન-ધીરજ.

અહલ્યાબાઈ —:▭:—

પીટયા મરજો મા ને બાપ જોડયું કજોડલું રે
મુવા મોટા ઘરમાં આપ જોડયું કજોડલું રે
રંગ ન જોયા ઢંગ ન જોયા જોયું ન રૂપ કરૂપ
કાળમીંઢને આપી કપુરી કરમે લખીયો કુપ
મને વળગાડયું એ પાપ-જોડયું કજોડલું રે
મુકયો કાળજડા પર કાપ-જોડયું કજોડલું રે

માલતી માધવ. —:▭:—

લ્યો સુંદરી સુમનની માળા, જઇ કહેજો પ્રણામ હમારા,
માળા નહિ પણ વરમાળા, સુંદર વર એ...શરમાળા.
મુખ દર્શનથી મન ચોરી (૨) ચિત હરી ગઇ બાળ ચકોરી,
તમે કિશોર એ નવલ કિશોરી, મટકે મોહાં મટકાળા...લ્યો.

સાગર સરીતા. —:▭:—

કુંવારૂં રહેવુંજ ઘણુંજ સારૂ બળ્યું પરણવાનું, કાકાજી બળ્યું પરણવાનું,
સારો ધણી જો નહીં મળે તો જુગ જુગ રડવાનું;
કાકાજી જુગ જુગ રડવાનું.
પ્રેમથી રમાડું તને વ્હાલી હમેશાં, ખાલી તું શીદ અકળાય;
ઓ વ્હાલી ખાલી તું શીદ અકળાય;

આણીયા દીકરા મુંગો મરી રહે, નહીં તો ફજેતો થાય;
ઓ કાકા તમારૂં નખ્ખોદ જાય.
એનાં તું ક્યારે હવે મારી થાય......નહીં તો......કુંવારૂં.

અરૂણોદય. —રાગ–ગઝલ–કવ્વાલી.

વ્હાલા કહું વહેવારની, બે વાત આ અમૂલ છે,
અભીમાનથી ન સાંભળો તો, આ તમારી ભૂલ છે!
મન માન્યું મળતું નથી, કોઇને બધુય સંસારમાં,
ખામીમાં ખામી ખોળવી, એ તો તમારી ભૂલ છે.
કાળા છીએ રંગે અમે પણ, કાળજાં કાળા નથી,
તેનીય કીંમત ના કરો તો, આ તમારી ભૂલ છે.
છોડી અમે શ્રી રામને, જપીએ તમારા નામને,
તોએ ન રાખો નેડલો, તો જીવતર અમારૂં ધુળ છે.
મીઠા અમી આપો નહીં, તો ચાહ—એ શા કામનો,
ચાં' પાઇ બાળો કાળજાં, એ તો તમારી ભૂલ છે.

માલતી માધવ. —:▭:—

ભાભી મારાં ડાહ્યાં ડમરાં, શા માટે શરમાવો, તમે શા માટે રીસાવો,
ઓ નાની નણદલ આવે.........આ કોણ ?.........તારો માણ ?
હવે શા માટે શરમાવો (૨)........ઓ.........

વીર કુણાલ —:▭:—

હું મદમાતી, ભુલામણીને નામે પંકાતી,
કોઇ લ્હેરી જોઇ લજવાતી, હું લચક છબી લેખાતી.
ભર જોબનમાં ઝોલાં ખાતી, દેવ દર્શને જાતી,
નીરૂપી કેકની અંતરકળીઓ, પીશીને કરમાતી, રસથી છલકે મુઝ છાતી,

મોજ શુભ. —:▭:—

અને ભોળીને ભરમાવીરે મા, કેમ કરૂં!
અણુસમજુને ફોસલાવીરે મા, કેમ કરૂં!
મારી પાસે પાસે આવે, છાની વાતો સંભળાવે,
મારૂં દીલ લલચાવે, પેલો ગરજી,
પ્યારી કહીને બોલાવે, એની પાસે કેમ ફાવે,
એ તો સાંભળે નં એકે, મારી અરજી;
છાતી–માં–તો અરરરરરર અરરરરરરર થાયરે. મા કેમ કરૂં–અને.
એના મોઢાંથી મીઠાશ એ તો જાણે નાગપાશ,
પછી હોય કે ન હોય મારી મરજી;
કરે પરાણે એ પ્રીત, એતે ક્યાંની હશે રીત?
થઇ બેશે ધણર મારો વરજી?

અરૂણોદય. —આબાદીનો ઉપાય—

ચાહો જો ભારતના સંતાન, જગતમાં ભારત આબાદી,
—તમે અંગે ધરો ખાદી.

દેશ ઉદયની તજો નિરાશા, હવે બનો આશાવાદી,
વિદેશીનાં તમે મોહ તજ્યાં નહીં, કરી દેશની બરબાદી;
કલંક કાળા દુર કરો એ, પાવન કર પહેરો ખાદી.
"આ દેશ ભારત વર્ષ છે, જ્યાં પ્રથમ અરૂણોદય થયો,"
"અસ્તાચળે તમ ભાગ્યનો. ભાનુ અરે આજે ગયો."
"પ્રાચીનકળા મંદીર તમારૂં, તેજ ક્ષીણ દેખાય છે,"
"કારણ તમારી સંપતિ, પરદેશમાં વહી જાય છે,"
લોકમાન્યના વીર વ્રતની, કંઈ ધરો ઉરમાં યાદી,–તમે અંગે

સુર્યકુમારી —:▭:—

સોહામણી સ્વર્ગની વાટ, એક દીન શોહાવજો હોરાજ,
રસિયા અમરાપુરીના ઘાટ, એક દીન શોહાવજો હોરાજ.
મૃત્યુ લોકનાં મનુષ્ય ક્યાં; ક્યાં અમરાપુરી ઘાટ,
અઘટીત-ટહો એ કેમ બને, વસમી વીકટ એ વાટ.
મુગટમણી તમે રાજસદનના, પારીજાત તમે નંદનવનના;
સાજવંથી દેવાંશી રસીકવર, પ્રિતજ્યોત પ્રકટાવી પરસ્પર.
મેળવવા અંતરમાં અંતર, સ્વર્ગ અમારૂં સોહાવજો હોરાજ,

રાજા શંભાજી. —:▭:—

રાજા તારા ડુંગરીઆ પર, બોલે ઝીણા મોર,
મોર જો બોલે પપૈયા બોલે, કોયલ કરેરે કલશોર (૨)-રાજા.
ઝાઝમ રાત વીજળડી ચમકે, છાઇ ઘટા શી ઘનઘોર (૩)-રાજા.

સાખી { કોકિલ કલરવ તું કરી, બાળતીને નવ બાળ,
 { હું સુતી પિયુ વિરહમાં, હૈડે ઉઠે ઝાળ.

બાઇ "મીરાં" કહે પ્રભુ ગીરધરનાગર, તું મારા ચિતડાનો ચોર-રાજા.

અંશુમતી. —રાગ-ગરબો—

શું નટવર વસંત થેઇ થેઇ નાચી રહ્યો,
નાચી રહયો જગ નચાવી રહયો—શું૦

સાખી { કોયલ મધુર મોરલી બની, છેડે નટવર કા'ન,
 { વિરહ ઘેલી ગોપી ઘણું, તજી નિકળી અભિમાન.

રસિઆ વિનાની બની બાળા ઓ બ્હાવરી,
વેણું વસંત ચિત્ત વિંધી ગયો-શું૦

સાખી { શીતળ સુખકર પવનની. લ્હેર ઘુમે ચોપાસ,
 { જાણું રાધા કૃષ્ણજી, રાસ રમે છે ખાસ.

વિધ વિધ પંખીના વેણ, ઘુઘરી ઘમકેરે,
મહિં મહિં મેનાના નાદ, ઝાંઝર ઝમકેરે,
સાખી { નવપલ્લવ વાઘો ધરી પચરંગી શીર પાઘ,
{ ફાગ લાગ સાથી રમે, મદનરાજ મહાભાગ્ય,
લ્હેરી લાલાથી રમે લલનાઓ લાડમાં,
પ્રતિ ગુલાલ લાલ છાઇ ગયો—શું૦

બળીરાજા. —:▭:—

છોને કહેતા છકેલી, રંગીલા મને છોને કહેતા છકેલી,
હું તો જોબનમાં ઘેલી બનેલી—રંગીલાં મને૦
બાગબગીચાની સહેલ બહુ સુંદર, જાણે શું ઘરમાં ગોંધેલી,
બદામી હલવોને ધારી જલેબી, તાજી તાજી ખાઉં પહેલી-રંગીલા.
સાટીનની સાડીઓ કસબી ભરેલી કોર, સ્વપ્ને નહિ કોઇએ દીઠેલી;
પોલકાને ચોળીઓને પાર નહિ મારે, લટકેથી લુંટી લાવેલી-રંગીલા.
નવસેરા હાર સાચા મોતીના સુંદર, બંગડીઓ માણેક મઢેલી;
ઘુમણાને ઝુમણાં લાડવાઇ પહેરતી, વિઘા હું પાકી ભણેલી-રંગીલા.

કેનકતારા. —:▭:—

મય તો મારવાડકો બનીયોરે-બમ્બઇ શહેરકો આયો.
મારવાડસે નિકળ્યો જબ તો પાંઉમે નહીં થો જુતો,
ધાસલેટ (લિ-ધાસલેટ) કી. ફેરી ફરીને પાંજરાપોળમાં સુતો.-મ.
બ્યાજ બટ્ટાકા ધંધો કરીને પૈસા પાંચ કમાયો
આધી આધી જમે કરીને લાડીજીકો લાયો.—મય તો.
લાડીજીકો મુખડો ધોલો, મોરે મનકો ભાયો,
લટક મટક કર ચાલી જાણે. મોરો જી લલચાયો—મયતો,
(અયે! રામ રામ જીયો ભાઇ ગંગારામ દીયા દાન છુટે આમ
—તાંબા દાન—પીતળ દાન.)—મય તો.

કંસવધ. —:▭:—

કાનુડા તારી કામણગારી, વૃજમાં વાંસલડી વાગી,
મીઠી ને વળી મોહક, મન વશ કરનારી—વૃજમાં.
મન વશ કરનારી, સ્વર સુણતાં લાગે સુખકારી;
હું ઘેલી, (૨) તમ વિણુ થઇ છું ગિરધારી—વૃજમાં.

છત્રવિજય —:▭:—

આશીષ આપુ આપો, અહીંઆંથી વંજો માપો,
મારા રાજા ચાલાકી આનું નામ છે.—
તાલ કેવો કીધો? ભગલા ફગો તેં દીધો;
આ સિંહ તણો ચાલાકીથી શીકાર પડાવી લીધો.—મારા૦
ભોગ લાગ્યા મારા, મેં ભગલાને ઘરમાં ઘાલ્યો.
ગોટાળો ગંભીર કર્યો, ને બુલબુલ આ લઇ ચાલ્યો.
(વાહરે મારા વ્હાલા-લટકાળા લ્હેરી લાલા)
કેશર શીદ કરો છો ચાળા? તમને લઇ જાય મોટગવાળા—મારા૦

સુરદાસ. —રાગ. ભજન—પદ

નાથ કેસે ગજકો બંધ છુડાયો, પ્રભુ એહી અચરજ મોહે આયો—ના.
ગજ ઓરગ્રાહ લડત જલ ભીતર, લડત લડત ગજ હાર્યો,
જબભર શુંઢ રહી જલ ઉપર, તબ હરી નામ પુકાર્યો—ના
સબરીકે બોર સુદામાકે તાંદુલ, રૂચી રૂચી ભોગ લગાયો,
દુર્યોધનકો મેવો ત્યાગી, ભાજી વિદુર ઘર પાયો—ના.
પેઠ પાતાળ કાળી નાગ નાથ્યો, ફણુપર નૃત્ય કરાયો,
ગીરી ગોવરધન કરપર ધારી, નંદ ઘર લાલ કહાયો—ના.
અઘાસુર માર્યો, બગાસુર માર્યો, દાવાનળ પાન કરાયો,
સ્થંભ ફોડકર હિરનાકંશ માર્યો, નરસંગ નામ ધરાયો—ના.

અજમેલ ગજ ગુનકા તારી, દ્રોપદીકા ચિર પુરાયો,
પયપાન કરતાં પુતના મારી, કુબજાકો રૂપ બનાયો—ના.
ખેલ કોઇકી પ્યાલ ધાયો, ગરૂડકો નાહિ બોલાયો,
છુટો નહી રાધાજીકો કંગન, ઓ બલ કહારે ગુમાયો—ના.
જોગી જીનકા ધ્યાન ધરત હે, ધ્યાન ધરત નહીં આયો,
"સુરદાસ" પ્રભુ તિહારે મીલનકુ, જશોદાકી ઘેન ચરાયો—ના.

શ્રી ભોજાભગત કૃત. —આળખો રાગ ભજન—

મુરખે નાર કુભારજા આણી, એનું ઘર કર્યું ધુળધાણી—(ટેક)
પાંચ મણની લાપસી ભરડી, મણની ભુંજી ધાણી;
ઘી'નાં ધાડવા ઢોળી નાંખ્યા, દુધમાં નાંખ્યું પાણી—મુરખે.
વાર પરબે વઢવાડ કરેને, કલેશ કરે જાણી જાણી;
છોકરાંને માથે છણકાં કરેને, ચૂંટીઓ લે તાણી તાણી—મુરખે.
ખરે બપોરે રસોઇ નીપજાવેને રાંધે જાતી પાણી;
છોકરાંને મારી મારી સુવાડે ઓલવા રાત જાણી—મુરખે.
ટાઢું શીળું કંથ આગળ ઝાંસે, મરે જ્યારે ભૂત તાણી;
સાંજ પડે ઘેર ભટકીને આવી, ઉપર જાતાં રીશાણી—મુરખે.
પટીયા પાડી આંખ આંજી આડરે, સાસરે પીયર ન સમાણી;
"ભોજો ભગત" કહે ગુરૂ પ્રતાપે; ઉતરેલ નાર શીદ આણી—

સંસાર નોકા. —:▭:—

શ્યામ ઝુલે હીંડોળા કુંજન બનમે! કુંજન બનમે મધુ બનમે:
લતાએં પુષ્પોકો, ઝુલેમે ક્યા ઝુલાતી હૈં એ?
પવનકે ઝોંકોમે કયેસી સુગંધ આતી હૈં એ?
ચમનમેં ઝુકને શાખેં સમા દીખાતી હૈં એ?
મદનકે ગોદમે લેકર, એહ સબ રમાતી હૈં એ?
બસ ગઇ સાવરી સુરત એહ નયનમેં?

વીર કુમાર —રાગ–ગઝલ—

સમય જો હોય સારો તો, સકળ સંસાર સારો છે,
સમય સારો સિવાય્યો ત્યાં, નહીં સંસાર તારો છે.
સમય પર જે મહારાજા, સમય પર તે ધરે ભગવા,
સમય પર ખાય તે ધક્કા, સમયનો રંગ ન્યારો છે.
ચડે વાજ્ઞ ચડે ભરતી, ચડે જોબન વધે લક્ષ્મી,
ઘડીમાં તે પડી જાતાં, સમયનો રંગ ન્યારો છે.
સમય સારે ન સારૂં જે, કહે તે સહુ ગમારો છે,
અભાગી ખાય તે ખત્તા, સમયનો રંગ ન્યારો છે.

પૃથ્વીપુત્ર —:▭:—

નવીન પ્રેમરસભીની રૂપનયની ભાન તું ક્યાં ભૂલી આવી,
શાણી સલુણી મદન મદમીણી કોણે તને ભરમાવી બ્હેન !–બાન.
સરવર તટપર જલક્રીડાએ સહજ સખી એ તો આવી,
ચંપક છાંયે ઉભી રહી એને જોગીએ ભરમાવી.
આસપાસ અમ આંખ મળી. અને લોચનીએ લલચાવી–બ્હેન.
માર્ગે જતાં મળ્યો મધુકર નિકટ મધુ આણુંવાણી,
મદભર રસીલા રસ લૂટતાં રસ ચેન મહીં ઘેરાણી,
મનગમતાની મોજ મહાલમાં પુલ વેણી વીખરાણી–બ્હેન.

સુરદાસ કૃત. —ભજન–રાગ–પદ—

કેવું તે વાશે વહાણું, ઘેલા આણી કેવું તે વાશે વહાણું–(ટેક)
ખાડીને ખાવું ને પુણ્ય પરમાર્થું, કાલની વાત ન જાણું–ઘેલા,
બળીરાજા કહે લેઉં ઇન્દ્રાસન, યજ્ઞ કીધા નવ્વાણું–ઘેલા.
જગત જગદીશ ના ઓળખ્યા, ક્યાંનું એક ન રહેવાણું–ઘેલા.
સાચા જુઠી માયાકે જાળી, જુઠું તે ઘર કેરૂં નાણું–ઘેલા.
“સુરદાસ” કહે તમે હરી ભજી લ્યો, ઓચિંતુ આવશે આણું–ઘેલા.

છત્ર વિજય —:▭:—

અલી નયન બાણુ કયાં વાગ્યા ?
મનના મુગ્ધ ભાવ કયાં જાગ્યાં ? સાચું બોલ બોલ બોલ.
કોણ રસિકવર મળ્યા પરસ્પર કયાં હૃદયે અનુરાગ્યા ?
લોચનીઆં મદઘેરાં તલસે અધર સુધારસ તરસ્યાં,
વશીકરણુ કોણે કીધાં–આ, બ્હાલ્ન કહે કયાં વરસ્યાં ?–સાચું.
લાલ કોણુ ને લગની શાની, હજી હું બાળ કુંવારી,
ચાલાકી મુકી દો ચતુરા, જાણી ઠગાઇ તમારી.

સત્ય પ્રકાશ —:▭:—

બાઈ હું તો પરણી તોય કુંવારી;
મને મળ્યો વૃદ્ધ ભરથાર, મારો એળે ગયો અવતાર–બાઇ.
સાસુ સતાવે નણુંદ ડરાવે મ્હેણાં સહુ સંભળાવે.
કજોડલાની કહાણી કહી મને પાડોશણુ શરમાવે,–બાઇ.
કુવે તળાવે પાણી જાઉં ત્યાં લોકો પાછળ આવે,
"નવી કાકી કયાં ચાલ્યાં" કહીને, પીટયા મને બોલાવે–બાઇ.

ભિષ્મ પીતામહ. —:▭:—

જખમના દરદો જખમી જાણેરે, વિણુ જખમી શું જાણે
મરદના ઘા તો મરદ વખાણે, કાયર શું જાણે.
ઓ બાઇજી........................કાયર શું જાણે;
આમ્ર સ્વીદમાં કોકીલ માણે મૈના દાડમ દાણે,
હરખી હરખી હંસ કમળના કોમળ તંતુ તાણેરે;
બગલા શું જાણે...........ઓ બાઇજી.........જ૦
પતિ પત્ની માણે રતીરસમાં કામદેવને બાણે,
શું સમજે તે જોગી જન્મનાં, જે જગ મીથ્યા જાણેરે;
જાણે તે જાણે...........ઓ બાઇજી.........જ.

...દેશ **રાગ–ભજન.**

...માયા કોઇકી નાહીં ભાઇ, સબ કહેતે હંય અપની અપની.
... જુગમેં હરિશ્ચંદ્ર ભયે રાજા, સત્યકી સત્ય કહી,
... સત્ય કે કારને ઉને કાયા બેચ દહી ?
ત્રેતામે રાવણ ભયે રાજા કંચન કોટ સહી,
એક લક્ષ પુત્ર, સવા લખ જાતી, વાકો લકડી નાહીં મીલી !
પ્રાન વાયુ જબ ઉડ ગયા તનસે, માયાભી મીટ ગઇ,
ઇસ દુનીયામેં વોહી નર ભુલા, જીસને કાયા અપની કહી.

પૃથ્વી પુત્ર. **—રાગ–કવ્વાલી.—**

કોઇ કહે છે કૃષ્ણ કર્તા, અકર્તા સાક્ષાત છે;
તો ધ્યાન દઇને સાંભળો. આ અજાયબીની વાત છે.
ખાંડવને બાળ્યું અર્જુને લંકા હતી સોના તણી.
હનુમાનજીને પૂંછડે, ત્યાં આદર્યો ઉત્પાત છે.
બાળ્યો નકામો કામને, બેભાનમાં શ્રી શંકરે;
દારિદ્ર જગનું બાળવા ના કોઇની તાકાત છે.
આ કોલસાનો ભેદ એ, દારિદ્ર બાળો દેશનું;
જો કૃષ્ણથી એ ના બળ્યું, તો અજાયબીની વાત છે.
બૃહસ્પતિ સમ વિદ્વતામાં, વિપ્ર આ સાક્ષાત છે,
ઉલટા તણું સુલટું કર્યું, એ અજાયબીની વાત છે.

...દ—બત્રીસી. –શેત્રંજ!–

ગંગાજળ નિરમળ સમુ, શુદ્ધ પવિત્રજ સાર,
તેવું કુળ જો માહરૂં. (તો) પડ પાસા પોબાર.
હંસ ગયો સરોવર તીરે દીઠું અક્ષત સાર;
... ... પાછો ફર્યો, (તો) પડ પાસા પોબાર.

સત્ય ચુકે જો સાધવી, ધરા ન ઝીલે ભાર,
તે ગુણ હોયે જો મુજ મહીં. (તો) પડ પાસા પોબાર.
નાગ મુખે અમૃત ઝરણુ ચોર કને ભંડાર.
કામી પાસ રહે કામની (તો) પડ પાસા પોબાર.
મીઠો આંબો સર્વદા, ઉત્તમ ફળ દેનાર.
સત્ય અસત્ય કરે નહિ, (તો) પડ પાસા પોબાર.
વિમળ કમળ વિલોકીને, ભ્રમર ગયો તે ઠાર,
દીઠું પણ અડક્યો નહી (તો) પડ પાસા પોબાર.
અહલ્યા સીતા દ્રૌપદી સતી ખરી નીરધાર,
તેવું ચિત્ત જો માહરૂં (તો) પડ પાસા પોબાર.
ભૂખ્યા આગળ જો ધરે, ઉત્તમ ભોજન સાર,
ખાધા વિણુ ઉઠે નહિ (તો) પડ પાસા પોબાર.

આનંદલહરી —:▭:—

પાધરે પંથે જા ગુમાની! પાધરે પંથે જા.
સુંદરી સામા જોઇ જાદુગરી આંખના ન કર ઘા;
રસિયાજી! આવી નાજુક વયમાં અવળા લક્ષણ આ.
હઠીલા! પાધરે પંથે જા, રસિલા! પાધરે પંથે જા;
વાત કરૂં જરા છાતીએ ચાંપું, કે ચુંબન આપું હા.
દંત દંખે એવા અધરામૃતની, સાફ કસીને ના;
છોગાળા! પાધરે પંથ જા, છબીલા! પાધરે પંથે જા.

રાજતિલક. —:▭:—

બની મુંબઇની શેઠાણી, હું મોટરમાં ફરૂં,
તું પ્હેરે જો આ ખાદી, તો હું કબુલ કરૂં,
બનું પાટણની પટરાણી, રે હું મોજ કરૂં—બની.

...ગાડીઓ જંગાલ્ડ, વાડી બંગલા અપાઉં,
... જાડી તો પહેરાઉં, વળે મંજરી
...ડી — ફલનેબલ લાવો, મ્હારૂં મનડું મનાઓ—
... એરોપ્લેન મંગાવો, આપી વરદી
... અદર સરરરરરરરર ફરરરર જ્યારે હું તેમાં ફરૂં—બની.
... હાંસે હાંસે ખાદી, પ્યારી એમાં છે આબાદી,
... આજાદી નેં જાય ત્હારી શરદી,
પૂરો મ્હારા અભિલાષ, માનો મ્હારી ફરમાશ
મ્હારૂં દીલડું બનાવી દીધું દરદી—બની.
હે—મા—માં ચરરરરરરરર અરરરરરરરર થાયરે, હું કેમ કરૂં—બની.

મહાશ્વેતા કાદંબરી —:▭:—

...થી જોજે મનાતી ભોળી મેના,ભોળવશે તુજને પોપટજી,મીઠું મીઠું બોલી,
...ડી જોજે દેતી તું અંતર ખોલી...........ભોળવશે

સાખી { પ્રેમે પોપટ દાઝ દીલની દીલ મહીં સમાવશે;
રૂતુ વસતે માતુનીને મદનરાજ મનાવશે.

રસ રાજની રસરેલ જ્યાં રગ રગ મહીં વ્યાપી જશે,
જાય મારી મેના માનશે, પણ બોધ પાછે લાગશે—

... —:▭:—

...ણા તો નથી નવરાસ ગુરૂરાજ, અમો બાળપણમાં ગોવીંદ ગાશું,
... પછીની વાતો કરો છો મોટી, ત્યારે હમણાં શું પહેરવી લંગોટી;
... થાય છે ઉમ્મરની તે ખોટી, કેમ સ્વામલાલ સાચું...યાર...ધર.
... બાંધવા છે મારે કંઇક માળા, હજુ ગાવું છે હરી વીશ...
... તાળાં કરી કુંડળ દીવાળા—કેમ સ્વામલાલ...સાચું...યાર—ધ.
...યારે આવશે નહીં કથા હમારી, ત્યારે સાંભળીશું કથા આ તમારી,
... નાહી નહિ તો રહેજે બ્રહ્મચારી—કેમ સ્વામલાલ...સાચું—યાર.

મીનળ મુંજાલ —:▭:—

હું છું કન્યા કુંવારી મને પરણ્યાના કોડ! બ્હેન પરણ્યાના કોડ—
મને મળશે મન ગમતા રે રસીલાની જોડ;
પછી—સર્વ કોઈ કહેશે સુંદરી! લાજ કાઢું લટકેથી હું વળા!
—હજુ નાની છું બાઈ, શાને કરતી માથાફોડ, બાઇ કરતી માથાફોડ!
હું છું નાની એવા વર લાવું,—જેમાં નવ કાંઇ ખોડ!—હું છું.

સ્નેહલતા —:▭:—

છે નોકરી દુઃખનું મૂળ શૂળ સૌને મોટી હાય હાયરે,
..............................શુળ સૌને મોટી (૨)·છે॰
સારો દિવસ સેવા બજાવી. પોઢવું આખર થાકી.
રાત વિતી ન માલમ પડે કે ઝટ નોકરી જાગી.—શૂળ॰
આમ દોડાવે તેમ દોડાવે કરાવે સર્વે વેઠ,
ધીક જગતમાં જીવતર તેનું (૨) ભરે આશરે પેટ.—શૂળ॰
પંડીત જ્ઞાની ધ્યાની સર્વે લખી ગયા વિચારી,
ગુલામગીરી છે નફ્ટ નોકરી (૨) નહીં કરવી તે સારી—શૂળ॰

સુકન્યા સાવિત્રી—(યમ સાવિત્રી સંવાદ)

શામાટે શ્રમ કરે, સતિ તુજ પતિભક્તિ સાચી (૨) હવે પુત્રી વળ તું પાછી (૨)
સાવિત્રી—સજ્જન કેરા સાથમાં, મેં ડગ ભરીયાં સાત,
મિત્ર ભાવે સુણજો હવે, આ દીન વનીતાની વાત.
ધર્મ જે વેદ પુરાણે ભણીયો, મુખ્ય ધર્મ ગૃહસ્થાશ્રમ ગણીયો,
કૃપાનાથમમ,પ્રાણનાથશું રહી વૃતી રાચી(૨) વળું મહારાજ કયમ પાછી(૨)
યમ—સુણી વિવેક ભરી મૃદુ વાણી, થયો પ્રસન્ન અતિ મન આણી,
સત્યવાનના જીવિત વિનાં, કાંઇ—ઇચ્છીત વર યાચી, (૨) હવે॰
સાવિત્રી—મહારાજ! (મારાં અંધ સાસુ સુસ્વર દેખતાં થાય.)

યમ-તથાસ્તુ!ભાગ્યવતીતુંઅતિદુરઆવી,થાયકોથીમિથ્યા નવ ભાવી-શા૦
સાવિત્રી-પતિ સમીપ શ્રમ નહી જરી. જ્યાં જાએ મમ નાથ,
તપવૃત આપકૃપા વડે ત્યાં આવું તમ સાથ, સંગત સજ્જન તણી નથી સોંઘી
મૈત્રી સંતપુરુષની મોંઘી,કૃપાનાથ મમ પ્રાણુનાથ શું રહી વૃતિરાચી(૨)વળું
યમ-અર્થ યુકત સંભાષણુ તારૂં બુદ્ધિમાં વૃદ્ધિ કરનારૂં,
સત્યવાનના જીવીત વીના, કાંઇ-ઈચ્છીત વર યાચી—હવે.
સાવિત્રી-મહારાજ (મારા બુદ્ધિશાળી સમરાજીને પાછું રાજ્ય પ્રાપ્ત થાય)

યમ-તથાસ્તુ ! ઉત્તમ વર બે આપ્યાં ભાવે હજી પ્રેમદા પુંઠળ આવે-શા૦
સાવિત્રી-સુપાત્ર જન કરતાં કદી, સુપાત્રોનું સનમાન,
સાધુ, તો દુશ્મન તણું, પણુ સાંધે કલ્યાણુ.
કૃપાનાથ મમ પ્રાણુનાથ શું, રહી વૃત્તી રાચી. (૨) વળું.
યમ-શિતળ વચન સુધાસમ તારા, તૃષા તૃષાતુરની હરનારાં,
સત્યવાનના જીવીત વિના, કાંઈ-ઈચ્છીત વર યાચી.-હવે.
સાવિત્રી-મહારાજ ! (મારા પિતાના કુળની વૃદ્ધી કરનાર મારે
સો ભાઈ થાય.)

યમ-તથાસ્તુ. સાસરીયાનું માન વધાર્યું,પીયરતણું પણુ કાજ સુધાર્યું-શા.
સાવિત્રી-પર દુઃખે દુખીયા બને, દુઃખદ હ્રદય વિશ્રામ,
ભરૂસો ભારે સંતનો, ઠરવાનું શુભ ઠામ.

સ્વજન માંહી વિશ્વાસ નવ લાવે, સજ્જન ઘર પુછતું સૌ આવે,
કૃપાનાથ મમ પ્રાણુનાથ શું રહી વૃત્તી રાચી. (૨) વળું.
યમ-મધુરાં નવીન વચન સંભળાવ્યા, અતિશય તે મારે મન ભાવ્યાં.
સત્યવાનનાં જીવીત વીનાં, કાંઇ-ઈચ્છીત વર યાચી. (૨) હવે.
સાવિત્રી-મહારાજ !મને મારા સ્વામીથી ઔરસ સો, પુત્ર થાય.

યમ-તથાસ્તુ! પરે ના ચાલું અતિ, વર લેવી, તજી મુકે જા અહીં થોભી—

સાવિત્રી-સ્વધર્મ વ્હાલો સાધુને, જે ચુકે નર સંસાર,
સાંપ્રત ભુત ભવિષ્યની, ગતિ તણાં આધાર.
સજ્જન ફરે ન આશા આપી, બોલ્યું અબોલ્યું ન કરે કદાપી.
કૃપાનાથ મમ પ્રાણનાથ શું રહી વૃત્તી રાચી. (૨) વર્ણું.
યમ-અમુલ તારાં વચન વિચારી, વાધે તુજમાં ભક્તિ ભારી.
ભગવતી હેલ્લું ઉત્તમ અનુપમ, ઇચ્છીત વર યાચી. (૨) હવે.
સાવિત્રી-પુત્ર તણું સુજને દીધું, પ્રભુ આપી વરદાન,
જીવીત દાન દ્યો જીવનને, સત્ય કરો ભગવાન.........

સમાપ્ત.

સુરત બરાનપુરી ભાગળ ઉપર આવેલા શ્રી "અનાવીલ બંધુ" પ્રી. પ્રેસમાં ગોવિંદજી દાદાભાઈ નાયકે છાપ્યું.